# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૬૭ • તા.૨૧ ઓગસ્ટ થી ૨૭ ઓગસ્ટ ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# મસ્જિદબંદર અનંતનાથ જિનાલયનો ૧૮૮મો ધ્વજા મહોત્સવ સંપન્ન



SAVIOUR
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# જીવનના સુખ મળે એ પ્રભુની પ્રસાદી

જીવનમાં સાચું સુખ અને શાંતિ આપણા હૃદયમાંથી જન્મે છે. મનની શાંતિ વગર મળતા સુખચેન અંજપો પેદા કરે છે. સારી દ્રષ્ટિ સાથે સારા ભાવ, સારા વિચારો સાથે પરહિત કલ્યાણની કામના હોય તો દુનિયા બદલાઈ જાય છે. સારી દ્રષ્ટિ કેળવવા ગુણાનુ રાગી બનવું પડે છે. નકારાત્મક વલણ, શંકા, પૂર્વગ્રહ, ઈર્ષા અદેખાઈના ભાવ સાથો સાથ અવિશ્વાસ, જડ માન્યતા દૂર કરવી પડે છે. ભ્રાતૃભાવના કેળવવાથી અન્ય તથા અજાણી વ્યક્તિઓનો પ્રેમ પામી શકાય છે. પ્રેમએ જીવનનું મીઠું અને મોંઘુ અમૃત છે. તે પૈસાથી કદી મળતું નથી. પ્રેમ આપીને પ્રેમ લઈ શકાશે. જીવનમાંથી જેટલો પ્રેમ બીજા માટે ઢોળીશું, વહાવી શું તેટલો તે આપણને સામો પ્રાપ્ત થશે.

સુખ ત્રણ પ્રકારના છે. તન, મન અને ધનનું. માણસ માત્રની ઈચ્છા કે કામના આ ત્રણેય સુખ મળે એ હોય છે. પણ, હકીકતમાં આ ત્રણેય સુખ કોઈને મળતાં નથી. સૌ જણ ધનનું સુખ મળે એની કામના કરે છે. પણ મનમાં શાંતિ નહીં હોય કે તન નિરોગીમય નહીં હોય તો શું સુખ ભોગવવા મળશે? પહેલું સુખ જાતે નર્યા. શરીર સ્વસ્થ, તન તંદુરસ્ત હશે તો જે સુખની ઓછપ હશે તેને પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરી શકાશે માટે તનનું સુખ પ્રથમ પ્રાપ્ત થવું જરૂરી છે. શારીરિક શક્તિનો ઉપયોગ શ્રમ કરવા માટે તેમજ આનંદ પ્રમોદ માટે પણ થઈ શકશે.

એવુંજ મનનું છે. ડગુમગુ વિચલિત મન કોઈ સુખને સુખેથી ભોગવા ન દેશે. શરીર બીમાર હોય તો એકવાર ચાલી જાય. પણ જો મન કમજોર તાકતહીન અને અશાંત હશે તો જીવનમાં ઉત્પાત સર્જી દેશે. જીવનમાં ક્ષમતા અને સ્થિરતા મન દ્વારા મળે છે. મનમાં તૃપ્તિ ન હોય. સંતોષ રોટલાને મીઠો અને મોંઘેરો બનાવી દે છે. જે મળ્યું છે તેને સુખીથી માણવાના ભાવ મન જ પેદા કરે છે. ચંચળવૃતિ ધરાવતું મન પોતે પણ અશાંત રહે છે અને આપણા સમગ્ર જીવનને અશાંત અને ઉપદ્રવી કરે છે.

તન, મન અને ધનના સુખ સાથો સાથ મળે એ માનવી ખરેખર ભાગ્યશાળી ગણાય. ધનથી ભૌતિક વસ્તુઓ, બજારૂ જણ સો તો આસાનીથી ખરીદી શકાય છે. પણ આનંદ અને ખુશી જરૂરી છે. તે વગર જીવન શુષ્ક અને રસવિહીન બની જાય છે. કોઈનો છળ, કપટ કરી પ્રાપ્ત કરેલું ધન કે સંપતિ આખરે અશાંતિ આપે છે અને વિનાશના કારણો સર્જે છે.

તનનું આરોગ્ય મનમાં શાંતિ અને પર્યાય પુરૂષાર્થથી પ્રાપ્ત થયેલું ધન એ પ્રભુ પરમાત્મા દ્વારા મળેલી પ્રસાદી છે. અનહદ કૃપા છે. પોતાને મળેલા સુખ અન્યો માટે વાપરવા એનો આનંદ અઢળક છે. પોતાને પ્રભુકૃપાએ મળેલ સુખ અન્ય માટે ખુશી સર્જે એનો આનંદ અનેરો હોય છે. જે હૃદયમાં સમાતો નથી. માટે તન, મન અને ધનનો ત્રિવિધ સુખની જાળવણી જતનપૂર્વક કરવી.

– જય જ્ઞાતિમૈયા

# બંધન વગરનો સંબંધ : ભાઈ બંધ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

મિત્રતા એ લોહીનો નહીં પણ લાગણીનો સંબંધ છે. આમાં માંગણીને કોઈ સ્થાન ન હોતા માત્ર મહોબ્બતનો, નિકટતાનો લગાવ જ કાયમ રહે છે. જે અંગત હોય એ આપ્તજન જેવી ભાવના રાખે છે અને એને પાળે છે. આવા મિત્ર પાસે જ આપણા આનંદ, દુ:ખ, સુખના સંભારણા સચવાયેલા હોય છે. મિત્રતા એટલે સંબંધોની ગંગોત્રી એ શુધ્ધ, નિર્મળ અને પારદર્શક તેમજ પવિત્ર હોય છે અને સતત વહેતી હોય છે. મિત્રો નાનપણના હોય છે, શાળાને કોલેજના હોય છે પણ, મિત્ર તરીકે ટકાઉ જેની સાથે આત્મીય લાગણીના તાણાવાણા જોડાઈ ગયા હોય એની સાથેના હોય છે. ઉંમર અને અનુભવના પરિપક્વતાની સાથે મિત્રતાનો સંદર્ભ બદલાતો હોય છે. પરિવર્તન પામતો હોય છે. ગાઢ અને સાચી મૈત્રી નિયમિત સંપર્ક હોય કે ન હોય તે અતૂટ રહેતી હોય છે.

મિત્રોને અનેક પ્રકાર હોય છે. હાય, હલ્લોનો નાતો ધરાવતા, રોજ મુકરર થયેલ બસને લોકલ ટ્રેનમાં પ્રવાસ દરમ્યાનના, શોખને કારણે જોડાયેલા મિત્રો, શાળા, કોલેજમાં ભણતા થયેલ મિત્રો કે વ્યવસાય, નોકરી દરમ્યાન સંપર્કમાં આવેલા મિત્રો. પણ અજોડ નાતો એની સાથે જોડાય છે. જેઓની સાથે લાગણીઓના તાર જોડાઈ જાય છે. સગાં સ્વજનો બાદ જીવનમાં બીજો પ્રવેશ દોસ્તારોનો હોય છે. આજની પેઢી સગાંઓ સાથે ઓછા કોન્ટેક્ટમાં હોય છે. મિત્રો સંગે વધુ મળેલા હોય છે. આત્મીય લાગણીથી જોડાયેલા હોય છે. સુખની ઘડી હોય કે દુ:ખની ક્ષણો, સૌથી પહેલાં ફોન તેઓ પોતાના નજીકના મિત્રને જણાવે છે અને તેને પોતાની હાલત પરિસ્થિતિથી અવગત કરાવે છે.

સાચી મૈત્રીનો રંગ અનોખો જોવા મળે છે. દરેક મિત્રતા ચડિયાતી તથા જીવનને સમૃધ્ધ કરનારી હોય છે. મિત્રતા માત્ર પુરૂષ પુરૂષ વચ્ચે કે સ્ત્રી-સ્ત્રી સાથે જ હોય એ જરૂરી નથી. વિજાતીય વચ્ચે પણ હોય છે. ભલે સમાજ એ મિત્રતાને શંકાની દ્રષ્ટિ જુએ પણ તેઓની વચ્ચે નિર્દોષતા, પવિત્રતા હોય શકે એ સ્વીકારવા પણ મન મોટું હોવું જોઈએ.

જૂની અને ગાઢ લાંબા સમયની મૈત્રી અમૃત સમાન સાબિત થાય છે. માતા, પિતા કે પોતાના જીવન સાથીને પણ જે વાત ન કરે તે મિત્રોની સમક્ષ આપોઆપ બ્યાન થઈ જાય છે. એટલે સુખના આનંદમાં સહભાગી, દુ:ખમાં સપોર્ટ સિસ્ટમ સાબિત થાય છે. મિત્રોની હાજરીને લીધે ગમે તેવા અટકેલા કાર્યો કે પ્રસંગો ચપટી વગાડતાં ઉકેલી શકાય છે. આત્મીય મિત્ર વગરનો વ્યક્તિ હતાશ, તણાવ, એકલતા, એન્ઝાઈટી કે વિવિધ શારીરિક, માનસિક રોગોથી ગ્રસ્ત હોય છે. પરિવારજનોથી જેને અસુખ હોય એને શાંતિ મિત્રો આપી શકવા સમર્થ હોય છે.

વિદેશી સંશોધકોના તારણ મુજબ મહિલાઓની તુલનામાં પુરૂષોના મિત્રોની સંખ્યા ઓછી હોય છે. એ સ્ત્રીઓના મળતાવડા સ્વભાવ, ડ્રેસ, ફેશન અને સામેવાળી વ્યક્તિની સાથે યેનકેન પ્રકારે વાતચીત કરવાની ઉત્સુકતા, તાલાવેલીને કારણે હોય છે. જેને લીધે સ્ત્રીઓ ઝટ પોતાની સખી, સહેલીઓનો વર્તુળ મોટી કરતી હોય છે.

યારી, ભાઈબંધી, દોસ્તીને એટલે જ પારસમણિ કહેવાય છે. જો નિ:સ્વાર્થ બનીને દોસ્તી નિભાવો તો તમને સુવર્ણ બનતા કોઈ અટકાવી ન શકે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# મસ્જિદબંદર અનંતનાથ જિનાલયનો ૧૮૮મો ધ્વજા મહોત્સવ સંપન્ન





સોમવાર, તા.૨૧ ઓગસ્ટના રોજ અનંતનાથ જિનાલયની ૧૮૮મી વર્ષગાંઠનું ઉલ્લાસપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ૧૮૮મી વર્ષગાંઠ નિમિત્તે વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો પણ કરવામાં આવ્યા હતા. સમાજની પરંપરા પ્રમાણે શેઠશ્રી નરશીનાથાના વારસદાર જેઓ દર વર્ષે આ ધજા ચડાવે છે તેમના વારસદાર દિલીપ કુસુમકાંત નાગડાએ બરોબર ૧૨.૩૯ એ ધજા ફરકાવી હતી.



આ ધજા મહોત્સવ સરકારની ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવી હતી. આ ધજા મહોત્સવનું મસ્જિદ બંદર સંઘ દ્વારા શિસ્તબદ્ધપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. એકંદરે ૨૦૦ જેટલા શ્રાવક-શ્રાવિકાઓએ આ ધજા મહોત્સવનો લાભ લીધો હતો. આ ધજા મહોત્સવ માટે આ.ભ.શ્રી કલાપ્રભસાગર મ.સા.ની સાથે પાંચ સાધુ ભગવંતો સ્પેશિયલ માટુંગાથી મસ્જિદ બંદર આવ્યા હતા અને તેમણે માંગલિક સાથે વ્યાખ્યાન પણ આપ્યું હતું. આ ધજા મહોત્સવ નિમિત્તે સ્વામિ વાત્સલ્ય અનંત નિવાસ, બાલ મંદિર ખાતે રાખવામાં આવ્યું હતું.





# અનંતનાથ તીર્થની ૧૮૮મી ધ્વજા નિમિત્તે શ્રી અઢાર અભિષેક વિધાન સંપન્ન થયા





મસ્જિદ બંદર સ્થિત ખારેક બજાર સ્થિત નરશી નાથા માર્ગ પર આવેલ અદ્‌ભૂત અને ઐતિહાસિક શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ જ્ઞાતિના શ્રી અનંતનાથ તીર્થની ૧૮૮મી ધ્વજા નિમિત્તે અઢાર અભિષેક વિધાન ભવ્ય ઉત્સાહ ઉમંગના માહોલ સાથે પૂજ્ય યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. તથા યુવા વિધિકાર ડૉ. હર્ષ દેઢિયાના મંત્રોચ્ચાર સથવારે ધામધૂમથી થયા.

આજના દિવસે વિધિપક્ષગચ્છ (વર્તમાન નામ અચલગચ્છ)ના સંસ્થાપક દાદાગુરૂ દેવ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.સા.નો ૯૪૧ મો જન્મ દિવસનો મંગલ દિન હતો.




# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા

## પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ
## ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબને
## સમર્પિત વિશેષ પૂર્તિ જ્ઞાતિમૈયા માં



આ વિશેષ પૂર્તિ માટે
પ.પૂ. અચલગચ્છાધિપતિ
ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ
આપ તેમના પ્રત્યેની અનુમોદના,
આદરભાવ તેમજ તેમના
સાથેના સંસ્મરણો
મંગળવાર ૩૧ ઓગસ્ટ ૨૦૨૧
સુધી લખીને મોકલો

**આપ આપની જાહેરાત પણ આપી શકો છો**

**કલર ફુલ પેજ રૂ.૮૦૦/-**

Kumar Dand - 9322680008
Manoj Lodaya - 9833039980
Email : gyatimaiya2018@gmail.com

# સમસ્ત મહાજનનું મેડિકલ ક્ષેત્રે ક્રાંતિકારી પગલું

એક સમય એવો પણ હતો કે, જ્યારે આર્થિક રીતે નબળો દર્દી નાની-મોટી સારવાર અને સર્જરી માટે દરદર ભટકતો. દાતાના દરવાજે પહોંચવા જોડા ઘસતો. હોસ્પિટલના બિલ ના પૈસા ભરવા મોટું દેવું કરવું પડે, મોટી રકમ મોટા વ્યાજે લેવી પડે તેવા સંજોગો ઊભા થાય. દર્દી અને તેના સંબંધી ચિંતા અને હતાશામાં ગરકાવ થઈ જાય તેમ બને. બિલના પૈસા ચૂકવવાની ચિંતા થાય, માનસિક સ્ટ્રેસ વધી જાય. આ અનપેક્ષિત ખર્ચને પહોંચી વળવું તેને ભારે પડે છે. કેટલાકને સુખદ અનુભવો થતા કોંક દાતા દર્દી પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ પ્રગટાવી, શુભેચ્છકના નામે રસીદ બનાવી આર્થિક સહકાર આપતા એવા કિસ્સા જૂજ હોય. બેંકનું બેલેન્સનું ટીપેટીપુ વપરાઈ જાય. આકસ્મિક માંદગીના મોટા ખર્ચને પહોંચી વળવા, અહીંતહીં ફાંફા મારવાને બદલે કે પોતાના દાગીના ગીરવે મૂકી મોટી લોન લે અને તેની ભરપાઈમાં જ આખુ જીવન વીતી જાય છે.

હવે સમયે કરવટ બદલી છે. આજે ઓનલાઈનના જમાનામાં સમસ્ત મહાજનના પ્રમુખશ્રી નિશિથ ભાઈ દંડના ક્રાંતિકારી પગલાંથી દર્દીના જીવનમાં સહાય મેળવવાનું કામ અત્યંત, સંપૂર્ણપણે સુલભ સરળ, પારદર્શી અને ઝડપી બન્યું છે. તેની આર્થિક પરિસ્થિતિની ચકાસણી બાદ  યોગ્ય વ્યક્તિને અગ્રીમતા આપે છે. સામાન્યજનનું જીવન બહેતર બનાવવાનો ઉદ્દેશ્ય સાકાર કરે છે. હવે સમસ્ત મહાજનના અધિકારીને સારવાર, સર્જરી, હોસ્પિટલાઈઝેશનના કોસ્ટ સર્ટિફિકેટ, એસ્ટીમેટ, દવા દારૂના ખર્ચના અંદાજિત વિગતના કાગળ સ્કેન કરી મોકલી અપાય એટલે ભયો ભયો. દર્દીને લગતા અન્ય ડોક્યુમેન્ટ વિગેરે ઓનલાઈન ઉપર સહાય માટેના વિનંતીપત્ર વગેરે મોકલી અપાય, એટલે પત્યું. અધિકારી એ બધાય વિગતોનો અભ્યાસ કરી નિર્ણય લે કે દર્દીને સહાયક બનવાની જરૂર છે, કે નહીં. જ્યાં સ્માર્ટ ફોનની સુવિધા ના હોય એવા કેસમાં સ્વાસ્થ્ય મિત્રો એમની પડખે ઉભા રહી, તેમનું કામ સરળ બનાવી આપે.

સમસ્ત મહાજનની એ અપીલ મોબાઈલની એપ ઉપર આવતાંની સાથે જ ટૂંકા સમયમાં મદદ આવવાના મેસેજ શરૂ થઈ જાય છે. દર્દીના સગા સંબંધીઓ, તેના હિતેચ્છુઓ, શુભચિંતકો, ગામના શ્રેષ્ઠીઓ અને અન્ય દાતા પરિવારનો આર્થિક સહાય સહકાર મળતો થઈ જાય છે. આજ સુધી સંજીવનીના ૫૦ જેટલા કેસ દ્વારા રૂપિયા બે કરોડ જેટલું અનુદાન સહાય રૂપે મેળવી આપવા સફળ થયું છે, તે કંઈ નાનીસૂની વાત નથી જ.

મેડિકલ કમિટીના ખાસ પ્રમુખશ્રી સહિત, મનીષા પોલડીયા, ડૉ.ધારીણી નાગડા અને, એમની ટીમને  જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા. સમસ્ત મહાજને સામાન્ય જનને સહાયરૂપ બનવાનો સંકલ્પ સિદ્ધ કર્યો છે. મહામારીના આ કપરા સમયમાં દર્દીને આપણે હુંફ આપીએ અને તેના મનોબળને મજબૂત બનાવીએ અને સહાયભૂત થવાના કામમાં આવીએ, તે માટે આપણું અનુદાન આપી તેમને આ નેક કામમાં સહાયભૂત બનીએ. દેશના ખૂણે ખૂણેથી અને વિદેશના પણ દાતા પરિવારો આ સ્કીમ દ્વારા જરૂરતમંદને રાહત આપી શકે તે માટેનો રાહ દેખાડી આપવાનું કામ આ સમસ્ત મહાજને કર્યો છે. સમાજની મેડિકલ ટીમના સહાયકોએ આજે એમની આર્શીવાદ સમી રાહથી દર્દીના જીવનમાં સહાયરૂપ ક્રાંતિ આણી, તેમને નવજીવન આપવામાં નક્કર અને નેક કામ કર્યું છે. એ સૌ સેવાભાવીઓ ને નતમસ્તક વંદન.

આર્થિક રીતે નબળા જ્ઞાતિજનને માંદગી વખતે મોટા ખર્ચને પહોંચી વળવાની ભારે ચિંતા અને પળોજણમાંથી મુક્તિ અપાવી જીને કી રાહ દેખાડી છે. હજી એક મોટી વાત. આપણે સૌ કોઈએ એક તરફી વ્યવહાર કે લાભ લેવાની દાનત ન રાખતાં, ભવિષ્યમાં દરદી અને તેના સંબંધીની આર્થિક પરિસ્થિતિ સુધરે તો બીજા દરદીને સહાયક બનવા આપણે પણ આ પુણ્યકાર્યમાં ડૂબકી મારીએ. આ સહાયને કારણે જ માંદગીમાં પટકાયેલા અને તેના સંબંધી નિર્બળ થયેલા દેહની મર્યાદાઓને એ હસતે મુખે પાર કરે છે અને મક્કમ મન સાથે  પરિસ્થિતિ સામે ઝઝૂમે છે.

હાલના કોરોના કાળમાં દરેક સામાન્યજનને આર્થિક પીઠબળ આપવા સેવાકાર્યમાં સદાય ધબકતું રહેતું શ્રી રાયચંદ હંસરાજ પરિવારના યોગદાને અત્યંત નેત્રદીપક કામગીરી તો કરી જ છે, જેથી દરદી તેમ જ સંબંધી પોતાનું કૌશલ્ય વાપરી ગુમાવેલા સામર્થ્ય, સ્થિરતા અને આત્મનિર્ભરતા મળી રહે. તેમણે સોનામાં સુગંધ મેળવી છે.

શેઠ નરશી નાથાની અસ્મિતાને દીપાવે તેવી નેત્રદીપક કામગીરી એમણે કરી છે. તેમને સતપ્રવૃત્તિને કારણે જ માંદગીમાં અટવાયેલો દર્દી નિરાશા ખંખેરી નવી આશા સાથે સારવારની દુનિયામાં નવા ડગલાં માંડે છે. જ્ઞાતિહિતના આ કામને આપણે સૌ કોઈ બિરદાવીએ એટલું જ ન કરતા, અવાર નવાર આવતી તેમની અપીલને આર્થિક ભંડોળથી છલકાવી દઈએ. આપણા જ્ઞાતિબંધુ માટે નાની મોટી રકમ ફાળવી દરદીને નવજીવન આપવાના આ સંસ્થાના પ્રયાસને દીપાવીએ.

- સી.એ. રમેશ દેવજી ખોના - ૯૮૨૧૧૭૫૧૩૬, સી.એ. કુલીનકાંત ચાંપશી લુઠીયા - ૯૮૨૦૦૩૯૪૬૯

# પાલીતાણા તીર્થ ૯૯ યાત્રામાં ગુરૂ પાટ પરંપરા પૂજનનું આયોજન થયું





પાલીતાણા મહાતીર્થમાં ૯૯ યાત્રામાં અચલગચ્છ પ્રવર્તક પ.પૂ.આ.ભ.શ્રી આર્યરક્ષિતસૂરીની ૯૪૧મી જન્મતિથિ નિમિત્તે ગુરૂ પાટ પરંપરા પૂજનનું અતિભાવ સાથે આયોજન થયેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓની અતિ ઉત્સાહ ભરી ઉપસ્થિત રહી હતી.





# ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.નો મનનીય વ્યાખ્યાનનો વિડીયો

ખાનદેશ પ્રદેશના ચાલીસગામ સંઘમાં બિરાજમાન ખાનદેશ રત્ના ચાલીસગામ તીર્થો દ્વારિકા પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.નો ૐ હ્રીં શ્રી અર્હ નમઃ વિષયે મનનીય પ્રવચનનો ભાગ-૧૯ તા.૧૫ ઓગસ્ટ રવિવારના સવારે ૮.૩૦ થી ૯.૩૦ કલાક દરમ્યાન આપ્યો. જેનો યુટ્યૂબ વિડીયો લિન્ક https://youtu.be/uoP9gReZuM0 ઉપર ૫૩.૩૦ મિનિટનો જોઈ સાંભળી માણી શકાશે. અવશ્ય લાભ લેશો.

# વિદર્ભ પ્રાંતના ખામગામ સંઘમાં ચાતુર્માસ ૨૦૨૧ અંતર્ગત પરીક્ષાનું આયોજન સંપન્ન થયું

તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૧ રવિવારના રોજ રાષ્ટ્રીય પર્વ દિને પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા દ્વારા શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ ખામગામ દ્વારા ચાતુર્માસ ૨૦૨૧ અંતર્ગત પરીક્ષાનું આયોજન સંપન્ન થયું.

બે પ્રશ્ન પત્રોમાં ૩૦ સવાલો બુદ્ધિ, ચાતુર્ય, જ્ઞાન, ધર્મ અને સામાન્ય સમજણને લગતા હતા. તેના જવાબ એજ પ્રશ્ન પત્રમાં સમજપૂર્વક આપવાના હતા.

દા.ત. સવાલ : ચાર પૈર ઔર દો હાથ કિસકે હોતે હૈ. જવાબ : ખુરશી

સવાલ : આતે હૈ દેર સે પર જાતે હૈ જલ્દી મેં. જવાબ : દાંત

સવાલ : 'બી' કો ઠંડ બહુ લગતી હૈ. જવાબ : A ઔર C કે બિચમેં હોની કી વજહ સે.

સવાલ : કોલંબસને અમેરિકા મેં પહેલા કદમ રખતે ક્યા કિયા? જવાબ : દૂસરા પેર રખા

સવાલ : મૈં ચલતા ફિરતા શહેર હું. જવાબ : હોન્ડા સિટી

# ભાંડુપ સંઘમાં ચાતુર્માસાર્થે બિરાજમાન મ.સા.એ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો



તા.૨૧ ઓગસ્ટ શનિવાર દિને ભાંડુપમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવમં યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.એ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો. પૂજ્ય ગુરૂદેવ ખૂબ સુખ શાતામાં છે.

# નગરસેવિકા નેહલ શાહ-ખોના દ્વારા આધારકાર્ડ સહ ગર્વમેન્ટ સ્કીમનો કેમ્પ યોજાયો



માટુંગા ઈસ્ટ સે.રે.વોર્ડ ક્રમાંક ૧૭૭ના નગરસેવિકા નેહલ અમર શાહ-ખોના દ્વારા માટુંગા ઈસ્ટના નેહલ શાહ સેવાલયમાં તા.૧૬ થી ૨૦ ઓગસ્ટ સવારના ૧૦ થી ૧ તથા ૩ થી ૬ સમય દરમ્યાન આધારકાર્ડ અને સેન્ટ્રલ ગર્વમેન્ટ સ્કીમ જેવી કે પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાન મંત્રી સુરક્ષા બીમા યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના વિષેની સમજ અને તેના ફાયદા જાણકારી આપવાનો તથા તેમાં એન્રોલ કરાવવા માટે કેમ્પ યોજાયો. જેનો લાભ અસંખ્ય લોકોએ લીધો હતો.

વોર્ડ પ્રેસિડન્ટ હેમેન દોશી તથા જોઈન્ટ સેક્રેટરી ચેતન ભગત, રીટા મિશ્રા વિગેરેએ નગરસેવિકા નેહલ શાહ ખોનાના માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા આયોજન માટે જહેમત ઉઠાવી હતી.

# પર્યુષણ પર્વમાં ૬૪ પહોરી પૌષધ કરવાનો લાભ લેવા ભાંડુપ સંઘનું આહ્વાન

પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના પરમ સાંનિધ્યમાં પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વની પાવન પ્રસંગે ૮ દિવસ ગુરૂદેવની સાથે પૌષધમાં રહેવાનો જિંદગીની સૌથી સુર્વણ તક તથા પૂરા જીવનનો અમૂલ્ય અવસર મળશે. આઠ વર્ષથી ૫૯ વર્ષ વય સુધીના તમામ બાળકો, યુવાનો, વડીલો શ્રાવકોને ૬૪ પહોરી પૌષધ કરવા ભાંડુપ સંઘમાં પધારવાનું આમંત્રણ છે. આપનું નામ આજે જ મનોજભાઈને મો.નં.૯૮૩૩૦૩૯૯૮૦ પર લખાવી લેશો.

પૌષધની બધી ક્રિયાઓ સારી રીતે કરાવાશે સાથે પરઠનેની ઉતમ વ્યવસ્થા તો જીવનના આઠ દિવસ યાદગાર અવિસ્મરણીય બનાવોને ગુરૂદેવ સાથે પર્યુષણ મનાવો.

## બાલ મુમુક્ષુ વંદનકુમાર એ પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ને દીક્ષા પ્રદાનની વિનંતી કરી





કચ્છ ભુજ પરિસરના વર્ધમાન નગરના આંગણે વિમલનાથ દાદાની સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક સીમા વર્ષી તપના તપોનિધિ સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની કલ્યાણકારી નિશ્રામાં મુમુક્ષુ વંદન કુમાર સુનિલભાઈ કારાણી, નારણપુર-ડોંબિવલીનું બહુમાન કરવામાં આવ્યું. આ અવસરે મુમુક્ષુ વંદન કુમાર પરિવાર સહ સાહેબજીને દીક્ષા પ્રદાન કરવા વિનંતી કરી.

## ખામગામ સંઘમાં શ્રીયંત્ર મહાલક્ષ્મી માતાજીની આરાધના કરાઈ

તા.૧૫ ઓગસ્ટ રવિવાર દિને ખામગામ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી યંત્ર મહાલક્ષ્મી માતાજીની આરાધના ધર્મમય માહોલમાં ભવ્યતાથી થઈ. લાભાર્થી સાગરચંદ બસતલાલ શાહ પરિવાર રહ્યાં હતાં.



# મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં સુવર્ણ પેટ્રોન તરીકે યાદીમાં જોડાનાર દાતાએ ૮૦મા જન્મદિવસને યાદગાર બનાવ્યો




સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની જ્ઞાતિજનો માટેની ઉપયોગી અને આધાર આપતી યોજના સંજીવની યોજનાની સફળ ફળશ્રુતિથી સૌ પ્રભાવિત છે. સંકટ સમયે સાંકળનું કાર્ય કરતી આ યોજના નાના જરૂરતમંદ જ્ઞાતિજનોને આત્મથી ભરી હૂંફ અને હેત ભરી હૈયા ધારણા આપે છે.

રાપરગઢવાળી-મુલુંડના, શ્રી રમેશભાઈ (કુંવરજી) મેઘજી મોતાના ૮૦મા જન્મદિન નિમિત્તે યાદગાર બનાવવા કાજે તેમના ઉપવન વાટિકાના પુષ્પો એટલે કે પૌત્રી, પૌત્રો ઊર્મિ, આદિત્ય, મહેક, આર્નવ અને કાશવી એ રૂ.૫૦ હજારનું યોગદાન પ્રદાન કરી સુર્વણ પેટ્રોન તરીકે સંજીવની યોજનામાં જોડાયા છે. આ પહેલ પ્રશંસા ભરી છે સૌને પ્રેરણા આપે એવી છે. દાતા પરિવારની અઢળક અનુમોદના.

# કે.ડી.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદની નવી કમિટી

કે.ડી.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદની નવા જોમ, જુસ્સા, દ્રઢ સંકલ્પ અને આત્મવિશ્વાસ સાથેની નવી કમિટીની રચના કરાઈ. પરિવર્તન એ પ્રકૃત્તિનો અફર નિયમ છે. કહેવાય છે કે સેવાકાર્ય, સંસ્થાકીય કાર્ય અને જ્ઞાતિના રીત રિવાજો માટે દ્રઢ સંકલ્પ, આત્મવિશ્વાસ સાથેની નવી સમિતિ ખૂબજ જરૂર સાબિત થાય છે.

યુવાનો અને બુધ્ધિજીવી વર્ગનો સમન્વય હોય ત્યાં સમાજના પ્રગતિ ચોક્કસ શક્ય બને છે. શ્રી કે.ડી.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ આ વાતને બહુ સારી રીતે સમજી શક્યું છે. જે માટે નવી કારોબારી સમિતિમાં નવા યુવાનોને આમંત્રિત કરી પંદર સભ્યો અને બે કો-ઓપ્ટ સભ્યો સાથે આવતી ૩ વર્ષ માટે એક મજબૂત, ધગશ અને ઉત્સાહ ધરાવતી કારોબારી સમિતિની રચના કરવામાં આવી છે.

| કમિટીના પદાધિકારીઓ |
|---|
| મેનેજીંગ ટ્રસ્ટી - ગુલાબભાઈ દંડ |
| ટ્રસ્ટીગણ - નલિનભાઈ મોમાયા, મહેન્દ્રભાઈ ખોના,<br>ચંદ્રકાન્તભાઈ લોડાયા તથા ચંદ્રેશભાઈ લોડાયા |
| પ્રમુખ - જીતેન્દ્રભાઈ ખોના |
| ઉપપ્રમુખ - તિલકભાઈ ભારાણી અને માલાબેન ધરમશી |
| મંત્રી - રાજેશ ધરમશી |
| સહમંત્રી - કેતન લોડાયા |
| ખજાનચી - દેવેશ દંડ |
| સહખજાનચી - વિમલેશભાઈ લોડાયા |
| કારોબારી સભ્યો - ગુણવંતીબેન દંડ, વિશ્વાસ ધરમશી,<br>સંજય છેડા, ઉમેશ મૈશેરી, હેમેન્દ્ર ધરમશી,<br>તેજસ લોડાયા, જયેશ લોડાયા |
| કો-ઓપ્ટ સભ્યો - બ્રિજેશ ધુલ્લા, સંદીપ મોતા. |
| આમંત્રિત સભ્યો - ચંદ્રકાંતભાઈ લોડાયા, જિગ્નેશભાઈ આસારિયા<br>અને પ્રદીપભાઈ વોરા |

# સાંધવ નગર સંઘમાં શાંતિનાથ દાદાની શીતલ છાયામાં નંદીસૂત્ર અનુષ્ઠાન આયોજન ભવ્યતાથી થયા

અબડાસા પ્રાંતના સાંધવ નગર સંઘમાં શાંતિનાથ દાદાની શીતલ છાયામાં તા.૧૫ ઓગસ્ટ રવિવારના પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ની શુભ મંગલ નિશ્રામાં નંદી સૂત્ર અનુષ્ઠાનનું આયોજન ચાતુર્માસ નિશ્રા દાતા પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની સાથે સંઘના શ્રાવક શ્રાવિકાઓના ભવ્ય ઉત્સાહ સહભાગથી હર્ષોલ્લાસ ભક્તિ ભાવપૂર્વક સંપન્ન થયા.







# શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના ટ્રસ્ટી પદે યવતમાલના મનિષભાઈ ધરમશીની વરણી



તા.૧૬ ઓગસ્ટ સોમવારના ઘાટકોપર ખાતે શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘની મિટીંગ મળી હતી. જેમાં ટ્રસ્ટ બોર્ડમાં લહેરીન ખોનાનું અવસાન થતા તેની ખાલી જગા પર મૂળ સાંધાણ હાલે યવતમાલના મનિષભાઈ ધરમશીની ટ્રસ્ટી તરીકે નિયુક્તિ કરાઈ છે. એવી જાહેરાત એક અખબારી યાદી દ્વારા સંઘના ટ્રસ્ટી મયૂર મોતિલાલ લોડાયા તથા શૈલેશભાઈ ધરમશી જણાવ્યું હતું. આ પદ પર નિયુક્ત થવા બદલ મનિષભાઈ ધરમશીને અઢળક અભિનંદન.

# સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે તિરૂપુરમાં બે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયા



દેશના ૭૫મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે મુથરાચી મક્કમ અમીયપુ ઓર્ગેનાઈઝેશન તિરપુર દ્વારા બે સ્થળે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયા. બારાની પેટ્રોલ પંપ તથા હારવે કુમાર સ્વામી મંડળ પ્રિમાઈસીસમાં કેમ્પ થયા.

ગર્વમેન્ટ હોસ્પિટલ ધરમપુર અને તિરૂપુરના ડૉ. સત્યરાજ તથા વસંત કુમારએ ૧૩૮ તથા ૬૨ યુનિટ બોટલ જમા કર્યું.

સંસ્થાના વાઈસ પ્રેસિડન્ટ સતિષ હંસરાજ નાગડા અને અરોમા અરૂમુગમ સાથ સેક્રેટરી પરમ શિવમ અને કેમ્પ ઈન્ચાર્જ મેમ્બરોએ કેમ્પ આયોજન માટે જહેમત કરી હતી. સવારના નાસ્તા અને બપોરે ભોજનની વ્યવસ્થા સૌ માટે કરાઈ હતી. રક્તદાતાઓને પ્રશંસા પ્રમાણપત્ર પ્રદાન કરાયા હતા.

# શિવમસ્તુ સમવસરણ મહાતીર્થમાં તીર્થ રક્ષક નાગદેવતા ક્ષેત્રપાલ દેવના દર્શન થયા



માંડવી નગર સ્થિત શિવમસ્તુ સમવસરણ મહાતીર્થમાં અવાર નવાર નાગદેવતા તીર્થ રક્ષક ક્ષેત્રપાલ દેવ રૂપે દર્શન આપે છે. થોડા દિવસ પહેલાં જ નાગદેવતા પોતાની સંપૂર્ણ કાંચળી ઉતારી મૂકી ગયેલ. જેમાં આંખ, મુખ અને પૂંછડીનો ભાગ અખડ રીતે આપ સૌ જોઈ શકો છો. આ ધન્ય દર્શનનો લાભ લો એજ ભલામણ.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# મુમુક્ષુ વંદન કુમાર કારાણીનું ભુજ નગર આગમન ટાણે હર્ષપૂર્વક સામૈયું થયું





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના શુભ હસ્તે દિશા મુર્હૂત પ્રદાન બાદ મુમુક્ષુ વંદન કુમાર કારાણીનું માદરે વતન ધરતીના પાટનગર ભુજ નગર મધે આગમન ટાણે હર્ષોલ્લાસથી સામૈયું થયું અને ભવ્ય સ્વાગત કરાયું. મુમુક્ષુ ગામ નારણપુર હાલ ડોંબિવલી નગરમાં રહે છે. તેઓનું દીક્ષા મુહૂર્ત તા.૨૯ નવેમ્બર સોમવારનું નક્કી થયેલ.

# ગદગ સંઘના ચિંતામણિ પાર્શ્વધામની ૧૦૭મી વર્ષગાંઠ નિમિત્તે ભવ્ય ધર્મ આરાધનાઓ સંપન્ન થઈ





શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગદગ (કર્ણાટક રાજ્ય)ના ચિંતામણિ પાર્શ્વધામની ૧૦૭મી વર્ષગાંઠ નિમિત્તે સતર ભેદી પૂજા સહ ધ્વજા મહોત્સવ તા.૧૭ ઓગસ્ટ મંગળવારના દિને અતિ ધામધૂમપૂર્વક ઉજવાયેલ. આ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ હર્ષપૂર્વક સંપન્ન થઈ.

# વર્ધમાન નગર સંઘમાં અઠ્ઠમ તપ તપસ્વીઓનું બહુમાન કરાયું




જિનશાસન શિરોમણી, તપસ્વી રત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રથમ સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે વર્ધમાનનગરે વિમલનાથ પ્રભુજીની વિમલ છાયામાં, અજોડ શાસન પ્રભાવક, ૨૧મા વર્ષીતપના તપોનિધિ પ.પૂ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ.શ્રી મુનિરાજ કલ્પતરૂસાગર મ.સા.ની શુભપાવન નિશ્રામાં અઠ્ઠમતપની આરાધના કરાઈ હતી. ૨૪ શ્રાવક-શ્રાવિકાઓએ અઠ્ઠમતપની આરાધના કરી હતી.

અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ જૈન સંઘ તથા તપસ્વીઓનું વર્ધમાનનગર જૈન સંઘ, દાતા મૃદુલાબેન અરવિંદભાઈ વોરા પરિવાર દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. તપસ્વીઓના પારણાનો લાભ પણ માતુશ્રી મૃદુલાબેન અરવિંદભાઇ વોરા પરિવારે લીધો હતો. ચાતુર્માસ કમિટીનાં કન્વીનર તારાચંદભાઇ છેડાએ તપસ્વીઓનાં તપની અનુમોદના કરી હતી. પૂજ્યશ્રીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદસભા પણ યોજવામાં આવી હતી તેઓનાં તપ, ચારિત્ર, બળની અનુમોદના કરવામાં આવી હતી. અરવિંદભાઇ વોરા, ચિંતલભાઇ વોરા, નેણશીભાઈ શાહ, ઝવેરચંદભાઈ ખોના, અંજુબેન શાહ, શીલાબેન શાહ, જયાબેન મુનવર, દિપીકાબેન શાહ, ભારતીબેન શાહ, નલીનીબેન શાહ તથા શ્રાવક શ્રાવિકાઓ આ પ્રસંગે ઉપસ્થતિ રહ્યા હતા. વ્યવસ્થા દિપક લાલન, પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, દિલીપ મોતા, અભય પરમશીં, પંકજ શાહ, પંકજ નાગડા, રમેશભાઇ ખોના તથા સર્વે કાર્યકરોએ સંભાળી હતી.

# લેઝિનેસ વર્સીસ હાર્ડ વર્ક આ વિષય પર ત્રીજા રવિવારનું પ્રવચન યુથ એન્કરેજમેન્ટ સીઝનમાં સંપન્ન થયું

ઓગસ્ટ માસના પાંચ રવિવારની યુવા શિબિર પ્રવચન સીરીઝમાં તા.૧૫ ઓગસ્ટ રવિવાર સવારના ૯.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન ૧૫ થી ૫૫ વર્ષના વય ગટ માટે લેઝિનેસ વર્સીસ હાર્ડ વર્ક વિષય પૂજ્ય સાહેબોનું મનનીય જ્ઞાન વર્ધક પ્રવચન જે ૩.૦૮ કલાકનું યુટ્યૂબ વિડિયો લીંક https://youtu.be/oDdbIgpxcE8 પર જોઈ સાંભળી માણી શકાશે. આમ ઘરબેઠા આ લાભ પામી શકવાનો મોકો મળ્યો છે.

# દાદા ગુરૂદેવ પ.પૂ.શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.સા.ના ૯૪૧મા જન્મદિવસ નિમિત્તે ૯૦૦ પરિવારોને મીઠું મોંઢુ કરાવાયું

ભાંડુપ સંઘમાં બિરાજમાન પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના આશીર્વાદથી તા.૧૬ ઓગસ્ટ સોમવારે અચલગચ્છના સંસ્થાપક દાદા ગુરૂદેવ પ.પૂ.શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.સા.નો ૯૪૧ જન્મદિવસ નિત્તિ ગુરૂ જન્મભૂમિ દંતાણી નગર જિલ્લા સિરોહી રાજસ્થાનના તમામ ૯૦૦ ઘરોમાં મીઠો મોંઢું કરાવવા ગોળની લ્હાણી પ્રભાવના. પ.પૂ.યુવા મુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના પ્રેરણાથી થઈ. આ સદ્પ્રવૃત્તિનો લાભ શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ મહાજન મુંબઈ એવમ અનંતનાથ જિનાલય ટ્રસ્ટ એ લીધો. રાજસ્થાન તીર્થની યાત્રા કરવા જતાં સૌ દંતાણી તીર્થ-સીમંધર સ્વામી મહાવિદેહ ધામની દર્શન યાત્રા કરવા જરૂર જાય એ વિનંતી.

# રોટરી ક્લબ ઓફ હુબલી વિદ્યાનગરના ઉપક્રમે મહિલાઓ માટે કેન્સર તપાસણી કેમ્પનો લાભ કેડીઓ મહિલા હિતવર્ધક મંડળની બહેનોએ લીધો





રાષ્ટ્રના ૭૫મા સ્વાતંત્ર્ય દિન તા.૧૫ ઓગસ્ટ રવિવારના રોજ રોટરી ક્લબ ઓફ હુબલી વિધાન દ્વારા મેગા કેન્સર તપાસણી કેમ્પ મહિલાઓ માટે આયોજિત કરાયો હતો. આ કેમ્પમાં કેન્સર અવેરનેસ માટે માહિતી પણ અપાઈ. કેન્સરને શરૂઆતના તબક્કામાં જ ઓળખી લેવા સાવધાની રાખવી જરૂરી છે એવું સૌને જણાવાયું રોટરી ક્લબ પ્રેસિડન્ટ ડૉ. મહિમા મોહિત દંડએ ઉપસ્થિતોને સંબોધન કર્યું અને કેડીઓ મહિલા હિતવર્ધક મંડળની બહેનોને વેલકમ કર્યું હતું. હુબલી ધારવાડ ટવિન સિટીની ૫૧ બહેનોએ આ કેમ્પનો લાભ લીધો હતો. વિવિધ તપાસણી નિ:શુલ્ક કરાઈ હતી.

કેડીઓ મહિલા હિતવર્ધક મંડળના પ્રેસિડન્ટ હંસા ધરમશી અને સેક્રેટરી મધુ લોડાયાએ રોટરી ક્લબનો હૃદયપૂર્વકથી આભાર માન્યો હતો. હિતવર્ધક મંડળના સદસ્યા અને રોટરિયન કાજલ વિક્રમશીએ કાર્ય આયોજનમાં સહભાગી થયા હતા.

---

# જામનગરમાં મનોદિવ્યાંગ બાળકો માટે તાલીમ કેન્દ્રનો શુભારંભ

રાષ્ટ્રના ૭૫મા સ્વાતંત્ર્ય દિવસ તા.૧૫ ઓગસ્ટ રવિવારના દિને જામનગરના પટેલ કોલોની વિસ્તારમાં મનો દિવ્યાંગ બાળકોના વાલી પુષ્પાબેન તથા વિજયભાઈ વોરા દ્વારા વાલીઓ સંચાલિત મનો દિવ્યાંગ બાળકો માટેના તાલીમ કેન્દ્ર ડે કેર સેન્ટરનો શુભારંભ દિવ્યાંગ દીકરીઓ દ્વારા કુંભ સ્થાપન કરીને થયો. આ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત તપોવન ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ રાજનભાઈ જાની, પરેશભાઈ જાની, સમસ્ત ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનના ટ્રસ્ટી સુનિલભાઈ લોડાયા, જામનગર ક.દ.ઓ.જ્ઞાતિના કન્યાછાત્રાલય ટ્રસ્ટી મનોજભાઈ ખોના, આશાદીપ વિકલાંગ ટ્રસ્ટના પ્રમુખ સતારભાઈ દરજાડા દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું. ઉપસ્થિત મહાનુભાવ મહેમાનોએ પ્રસંગોચિત વક્તવ્ય આપ્યું હતું.





પ્રજ્ઞાચક્ષુ માનસીબેન ગોસ્વામીએ સુંદર સ્વરમાં પ્રાર્થના તથા ભજનો ભાવપૂર્વક રજૂ કરી ઉપસ્થિત સૌના મન મોહી લીધા હતા. પ્રારંભના દિવસે જ ૬ જેટલી મનો દિવ્યાંગ દીકરીઓ ઉપસ્થિત રહેલ. શારીરિક દિવ્યાંગ કાંતાબેનની રાહબરી તળે ૪ બહેનો આ ડેર કેર સેન્ટરના દરેક લોકોનો ઉત્સાહ વધારવા ૧૫ કિ.મી. દૂરથી ખાસ હાજર રહી ઉમદા ઉદાહરણ પૂરું પાડેલ હતું.

# જલગામ સંઘમાં ત્રિદિવસીય અનુષ્ઠાન પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈ





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ જલગામ દ્વારા પ.પૂ.સાધ્વી ભગવંત શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ની પુનીત નિશ્રામાં ત્રિદિવસીય અનુષ્ઠાનનું આયોજન કરાયું. આ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ ભક્તિ સભર માહોલ કરાઈ.



પ્રથમ દિવસે શ્રી ધર્મનાથ ભગવાનના અભિષેક શાંતિદાયક મંગલ સ્તોત્ર દ્વારા થયા. જેના લાભાર્થી માતુશ્રી તારાબેન કુલીનકાંતભાઈ લોડાયા પરિવાર, દ્વિતીય દિવસે સામાયિક અને ગુણાનુવાદ સભા થઈ. જેમાં પ્રભાવના શ્રીમતી મંજુલાબેન ઓસવાલ તરફથી કરાઈ. તૃતીય દિવસે ચારિત્ર ધર્મની આરાધનાના ઉદ્દેશ્યથી પૌષધતપની આરાધના થઈ તથા નેમિનાથ ભગવાનના દીક્ષા કલ્યાણક નિમિત્તે ગિરનાર મંડળ નેમિનાથ દાદાની ૧૦૮ પ્રકારી મહાપૂજા રખાઈ. પૌષધ તપવાળાના એકાસણા તથા પૂજાના લાભાર્થી પરિવાર માતુશ્રી દમયંતિબેન માણેકજીભાઈ છેડા પરિવાર હતા. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહ ઉમંગથી સર્વ ધર્મ આરાધનાઓમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા.





# ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ દ્વારા બિદડા મધ્યે નેચર ક્યોર કેમ્પ સીઝન-૬નું આયોજન




શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મુલુંડ દ્વારા નેચર ક્યોર કેમ્પ સીઝન-૬નું આયોજન તા.૨૫ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર સુધી રતનવીર નેચર ક્યોર સેન્ટર બિદડા-કચ્છ મધ્યે આયોજન કરાયેલ છે. જેમાં સહભાગ લેવા મર્યાદિત સંખ્યામાં વહેલો તે પહેલાના ધોરણે રજિસ્ટ્રેશન શરૂ છે. જે માટે સંદીપ શાહ-૯૮૬૭૧૬૭૩૮૭, મિનલ લોડાયા-૯૮૧૯૬૮૦૦૨૧, યશોધન કારાણી-૯૮૨૧૧૩૭૭૩૭, વિરાજ ધુલ્લા-૯૮૨૦૯૬૬૯૬૬, રોપિન નાગડા-૯૩૨૩૪૭૫૮૩૭નો સંપર્ક કરવો.

ચાર્જીસ રૂા.૮૩૦૦, નોન એસી ૪ વ્યક્તિ શેરીંગ રૂમ રૂા.૯૬૦૦, નોન એસી ૨ વ્યક્તિ શેરીંગ રૂમ રૂા.૧૨૮૦૦, એસી રૂમ ૨ વ્યક્તિ શેરીંગ રૂા.૧૭૬૦૦ સ્યૂટ બે વ્યક્તિ શેરીંગ. જેમાં વેલ ફર્નિશ્ડ રૂમમાં, આવાસ, નેચરલ ડાયટ હર્બલ ડ્રિન્ક ફ્રેશ ફ્રુટ જ્યુસ અને કન્સલ્ટીંગ, ફૂટ આર્મ બાથ, રીફલક્ષોજી ઝડ એપ્લીકેશન આઈસ એપ્લીકેશન, મેડિટેશન અને યોગ સ્ટીમ, વેટ પેક, એનિમા, મેગ્નેટથેરેપી, કિડની પેક, હોટ એન્ડ કોલ્ડ ફોમનેશન્સ ગેસ્ટ્રો હેપટીક પેક વિગેરે ટ્રીટમેન્ટ દ્વારા ઈલાજ મળશે.

આવવા જવાની ટિકીટ આવનાર વ્યક્તિની રહેશે. તા.૨૫ સપ્ટે. સાંજે ૫.૪૫ની બાંદરા ટર્મિનસ ભુજની જે સવારે ૬.૫૦ ગાંધીધામ પહોંચશે અને વળતા તા.૩ ઓક્ટોબર ભુજ બાંદરા સ્પે.ટ્રેન જે ૯.૪૫ રાતના રવાના થઈ ૧૧.૪૫ સવારે બાંદરા ટર્મિનસ પહોંચે છે એ મુજબનો ટ્રાવેલીંગ પ્લાન છે. આ આરોગ્ય પેકેજનો કેડીઓ જ્ઞાતિજનો એ લાભ લે.

# સાંતાક્રુઝ (વેસ્ટ) સંઘમાં સાહેબજીની પ્રથમ પુણ્યતિથિએ ત્રીજું ભેટણું નવકાર જાપ થયા

તા.૧૪ ઓગસ્ટ શનિવાર રોજે શ્રી સાંતાક્રુઝ વેસ્ટ અચલગચ્છ જૈન સંઘમાં પૂજ્ય સાહેબજીને પ્રથમ પુણ્યતિથિએ ત્રીજું ભેટણું નવકાર જાપ થયા. લાભાર્થી જયાબેને ધનજી છેડા ગોધરા હતા. સંઘના શ્રાવક શ્રાવિકાઓની આ અવસરે બહોળી ઉપસ્થિતી ભાવભરી રહી હતી.

# હૈદ્રાબાદ સિટી સંઘમાં બાળકો દ્વારા રવિવારીય પોષધ સહ એકાસણા થયા







તેલંગણા રાજ્યની રાજધાની હૈદ્રાબાદ સિટી સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં નાના બાળકો માટે પાંચ રવિવારીય પૌષધ સહ એકાસણા અંતર્ગત તા.૧૫ ઓગસ્ટ રવિવારના ૪થા રવિવારે ૪૦ બાળકો જોડાયા. નાના બાળકોમાં નાનપણથી જ પૌષધના સંસ્કારનું રોપણ તેમને સાધુ સાધ્વીજી ભગવંતો પ્રત્યે વિશેષ આદરભાવ અપાવે છે.

# ક.દ.ઓ.જૈન મહાજન યવતમાલ તથા શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ યવતમાળના ઉપક્રમે વેક્સિનેશન કેમ્પ યોજાયો





તા.૧૪ ઓગસ્ટ શનિવારના સવારે ૧૦ કલાકથી કેસરિયા ભવન મધે કોરોના રસી સેકન્ડ ડોઝ આપવા માટેનો કેમ્પ શ્રી ક.દ.ઓ.જૈન મહાજન યવતમાલ અને શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ યવતમાલના સંયુક્ત ઉપક્રમે યોજાયો. જેનો ઈચ્છુક લાભાર્થીઓએ સારો લાભ લીધો હતો. આ રસીકરણ કેમ્પના આયોજન માટેની જહેમત મનીષભાઈ ધરમશી અને લહેરભાઈ નાગડાએ ઉઠાવી હતી. જેને લીધે કેમ્પ સફળતાને વર્યો હતો.



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● બિદડા સર્વોદય ટ્રસ્ટ ખાતે એન્કરવાલા પરિવાર ટ્રસ્ટ દ્વારા કરોડરજ્જુ તથા હાડકાં રોગની શિબિર યોજાયેલી હતી. શા.કલ્યાણજી માવજી પટેલ આરોગ્યધામ સંકુલમાં કચ્છી ઉદ્યોગપતિ દાતા દામજીભાઈ તથા જાદવજીભાઈ અન્કરવાળાના સૌજન્યથી આ શિબિર યોજાઈ હતી. અમદાવાદની સેલ્બી હોસ્પિટલના કરોડરજ્જુ નિષ્ણાંત કચ્છી તબીબ ડૉ. વિશાલ બૌઆ દ્વારા સ્પાઈનની તકલીફ રોગોનું નિદાન તથા સારવાર અને હાડકાના રોગની નિષ્ણાત ડૉ. ભાવિક પટેલએ તપાસણી કરી સારવાર સૂચવી હતી.

● વિશ્વભરમાં પથરાયેલા કચ્છી લેવા પટેલોના સૌથી પ્રથમ હોવાનું જેને ગૌરવ પ્રાપ્ત છે તે મોમ્બાસામાં લેવા પટેલ સમાજનું નૂતન સંકુલ ન્યાલી વિસ્તારમાં લિંક્સ રોડ ખાતે આકાર લઈ રહ્યું છે. ૧૦ એકર જમીન ખરીદાઈ છે તે પૈકીમાં ૮ એકર ભગવાન સ્વામિ નારાયણ મંદિર માટે છે જ્યારે બે એકમ ભૂમિ મોમ્બાસા લેવા પટેલ સમાજના નૂતન સંકુલ માટે છે. જેમાં વિવિધ સુવિધાઓ ઊભી કરવાનું કાર્ય પ્રગતિમાં છે. એક સાથે ૩ હજાર એક સાથે એક પંગતે જમી શકે તેવો વિશાળ હોલ તેમજ ઈન્ડોર ગેમ્સના મેદાનો, સ્ટેજ, હોલ, છ ફ્લેટ જે કાયમી આવક માટે ભાડે અપાશે. ૧ હજાર કાર પાર્કિંગ થાય તેવી સગવડ રખાઈ છે.

● લાયન્સ હોસ્પિટલ ભુજ દ્વારા ૯૫મો આંખના રોગોનો બે દિવસીય કેમ્પ દાતા પ્રેમજીભાઈ કેશરાભાઈ રાઘવાણી બળદિયા અને તેમના પુત્રો માતા રાધાબાઈ પ્રેમજી રાઘવાણીના આત્મ સ્મરણાર્થે જરૂરિયાતમંદ ૧૦૫ દર્દીઓને વિનામૂલ્ય આંખના ઓપરેશન માટે સહયોગ આપ્યો હતો. અત્યાર સુધીના ૯૪ કેમ્પમાં સતાવીસ હજાર જેટલા દર્દીઓના આંખના સફળ ફ્રી ઓપરેશન લાયન્સ હોસ્પિટલ પૂર્ણ કરી ચૂકી છે.

● સજીવ ખેતી અને ગૌ સંવર્ધન પ્રવૃત્તિ કરતા શ્રીરામ કૃષ્ણ ટ્રસ્ટ કુકમા દ્વારા સજીવ ખેતીના તાલીમ વર્ગ ખેતી કરતા ખેડૂતો, શિક્ષિત ધરતી પુત્રો જેઓ નવી તરેહથી ખેતી કરવા ઈચ્છુક છે તેઓને માટે દર મહિનાની ૧૨, ૧૩ અને ૧૪ તારીખે ચિંતન ફાર્મ કુકમા ખાતે ત્રણ દિવસની તાલીમ શિબિર યોજે છે. જેમાં તાલીમ લેવા ઈચ્છુક ભાઈ બહેનો અગાઉથી સંસ્થાને જાણ કરી તાલીમ લેવા આવી શકે છે. રહેવા જમવાની નિઃશુલ્ક વ્યવસ્થા સંસ્થા કરી આપે છે. નિયત કરાયેલા નિયમો પાળવા જરૂરી હોય છે. તાલીમ પૂર્ણ થયા બાદ સંસ્થા દ્વારા પ્રમાણ પત્ર આપવામાં આવે છે. તાલીમ લેવા માટે મો.નં.૯૪૨૬૫૮૨૮૧૦ અથવા ૯૯૨૫૧૭૪૬૯૯ પર નામ નોંધાવવા.

● સીમા સુરક્ષા દળની સુર્વણ જંયતિની ઉજવણી નિમિત્તે ભુજથી પંજાબના અટારી બોર્ડર સુધી ૨૫૦૦ કિ.મી.ની સાઈકલયાત્રાને રાજ્ય સીમા સુરક્ષા દળના મહાનિરીક્ષક જી.એસ.મલિકે સ્ટાર્ટ આપતા ભારત માતા કી જયના નારા સર્વત્ર ગુંજ્યા હતા. ૨૫૦૦ કિ.મી.ની લાંબા રૂટમાં વિવિધ ગામોમાં બી.એસ.એફ.ના જવાનો સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત, ફિટ ઈન્ડિયા બેટી પઢાઓ, બેટી બચાઓ. એક ભારત, શ્રેષ્ઠ ભારત જેવા અભિયાન વિષે લોકોને અવગત કરાયા.

● વડનગરમાં તાનારીરી પર્ફોમિંગ આર્ટસ કોલેજ ખાતે રમત ગમત. યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધી નગર દ્વારા આયોજિત પ્રતિભા શોધ ટેલેન્ટ હન્ટ સ્પર્ધામાં એકપાત્રી અભિનય સ્પર્ધા બે વિભાગમાં રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સ્પર્ધામાં વડોદરા, અમદાવાદ, હિંમત નગર, વડનગર, જામનગર, સુરત અને કચ્છમાંથી આવેલી કૃતિઓમાં પાર્મી ઠક્કરએ પ્રથમ સ્થાન અંકે કર્યું હતું.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**લક્ષ્મીચંદ ધરમશી**
તા.૧૪ ઓગસ્ટ(ઉ.૭૭)
જશાપર-આદિપુર



**પ્રમીલા નાગડા**
તા.૧૫ ઓગસ્ટ(ઉ.૬૪)
જખૌ-જુહૂ



**હિરજી નાગડા**
તા.૧૫ ઓગસ્ટ(ઉ.૮૦)
નલીયા-અલપૈ



**યશોદાબેન નાગડા**
તા.૧૫ ઓગસ્ટ(ઉ.૬૬)
નલીયા-કોપલૈ



**નયના લોડાયા**
તા.૧૬ ઓગસ્ટ(ઉ.૬૪)
મોટી ખાવડી-મુલુંડ



**ખંત લોડાયા**
તા.૧૬ ઓગસ્ટ (ઉ.૧૬)
વારાપધર-ડોમ્બિવલી



**વિમલાબેન મોતા**
તા.૧૭ ઓગસ્ટ (ઉ.૭૫)
સુથરી-અમદાવાદ



**નવીનચંદ્ર લોડાયા**
તા.૧૯ ઓગસ્ટ (ઉ.૬૭)
કચ્છ લાલા-અંકલેશ્વર



**મુરબાઈ નાગડા**
તા.૨૧ ઓગસ્ટ (ઉ.૬૭)
નલિયા-અંકલેશ્વર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**


SHUBH
DIAMONDS
Qualified, Experienced Craftsman,
Awarded Designer Team & Product
Development constantly thrive to
develop Exquisite Diamond Designs ...
Perfect Blend of Diamond
Studded Jewellery ...
Enchanting Handcrafted Jewellery ...
Quality & Creativity is our
first priority ...
Manufacturing units at
Mumbai, Chennai & Bangalore ...
Every product is Certified & Hallmarked ...
Rajendra Momaya
98841 49494
GJC
કચ્છ શક્તિ
-: શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)
# 128, Cathedral Road, Chennai-600 086. For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
E.Mail: seema@shubhdiamonds.com


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA